


ફેસ ટુ ફેસ

# પત્ર લેખાના વિદ્યીના લેખમાં સફળતા ક્યારે?

પત્રલેખા પૉલ આમ તો અભિનેત્રી છે પણ તેને રાજકુમાર રાવની પત્ની તરીકે પણ ઓળખી શકો પણ હા, આવી રહેલી ‘ફુલે’માં તે મહાત્માં’ ફુલે બનેલા પ્રતિક ગાંધીની પત્ની છે. રાજકુમાર રાવ સાથે તે ‘સિટી લાઈટ’ ફિલ્મમાં આવેલી પણ તેની કારકિર્દી બહુ લાંબી નથી પરંતુ એટલું જરૂર કહી શકાય કે તે એવી ફિલ્મોમાં આવી છે જ્યાં અભિનયની જગ્યા હોય. વિક્રમ ભટ્ટ જેવાની ‘લવગેમ્સ’માં પણ તેણે ગૌરવ અરોરા સાથે સારૂ કામ કરેલું. મુશ્કેલી એ છે કે આ ફિલ્મો થિયેટરોમાં રજૂ થાય તે પણ ઉહાપોહ નથી થતો એટલે પત્રલેખા હજુય સ્ટ્રગલર છે. તે આ કારણે જ છેલ્લા ચારે જ વર્ષમાં ‘ફોર્બિડન લવ’, ‘મેં હીરો બોલ રહા હું’ અને ‘આર યા પાર’ ટી.વી. શ્રેણીમાં આવી છે. હવે તેની પ્રતિકા ગાંધી સાથેની ફિલ્મ આવશે. મહાત્મા ફુલે ક્રાન્તિકારી હતા પણ તેમના નામની ફિલ્મ કેવી ક્રાન્તિ કરે તે કહેવું મુશ્કેલ છે. બલ્કી તે આ પહેલાં ‘બોઝઃ ડેડ (અલાઈવ’ ટી.વી. શ્રેણીમાં રાજકુમાર રાવ સાથે તે નંદની તરીકે આવી હતી. ઈતિહાસના પાત્રો અભિનેતા-અભિનેત્રી પણ ઐતિહાસિક ઓળખ આપે એવું તો નથી હોતું. ‘ફુલે’ કાંઈ મુગલ-એ-આઝમ’ નથી પરંતુ પત્રલેખામાં હજુ કોઈએ વિશ્વાસ ગુમાવ્યો નથી તેની પાસે શર્મન જોશી સાથેની ‘ઈશ્ક અનસેન્સર્ડ’, લારા દત્તા સાથે ‘‘સૂર્યાસ્ત’, કુણાલ ખેમુ સાથેની ટી.વી. શ્રેણી ‘ગુલકંડા ટેલ્સ’, અરબાઝ ખાન સાથેની ‘વ્હેર ઈઝ માય કન્નડકા’ ઉપરાંત ‘આઈસી 814: ધ કંદહાર હાઈજેક’ નામની અનુભવ સિંહાની ટી.વી. શ્રેણી અને ‘વાઈલ્ડ વાઈલ્ડ પંજાબ’ નામની ફિલ્મમાં આવી રહી છે. પત્રલેખા મૂળ શિલોંગ-મેઘાલયની છે, પણ બંગાળી છે, હંસલ મહેતાની ‘સિટી લાઈટ્સ’ માં તે પ્રથમવાર આવી પછી સારા દિગ્દર્શકોની ફિલ્મ યા ટી.વી. શ્રેણીમાં તેણે કામ કર્યું છે. ●

# તુષાર: ‘કપૂર’ તો ફક્ત નામનો જ



એક્ટર્સ લાઈફ

તુષાર કપૂર કોઈક હતો તેવું તુષારને ખુદને પણ કદાચ યાદ ન રહ્યું હશે. જેમ બોની કપૂર જેવા નિર્માતાનો દીકરો હોવા છતાં અર્જૂન કપૂર ભુલાઈ રહ્યો છે એવું જ અથવા તેનાથી થોડું વધુ તુષાર કપૂર બાબતે છે. તેણે તો સફળતા મેળવવા પોતાના નામના સ્પેલિંગમાં એક ‘એસ’ પણ ઉમેરાવ્યો હતો છતાં એ ‘એસ’ તેને મદદ કરી શકયો નથી. તુષારને ‘કયા કુલ હે હમ’ ‘ગોલમાલ’, ‘શૂટાઉટ એટ વડાલા’ વગેરે ફિલ્મોની ફ્રેન્ચાઈઝી મળી છે તો પણ ફાયદો નથી થયો. રોહિત શેટ્ટીએ તેને ‘સન્ડે’માં એક ગીત પૂરતો ચાન્સ આપેલો તોય તેના દિલમાં ગીત નથી વાગ્યું. બાકી, તેના પિતા જીતેન્દ્ર તો પથ્થરમાંથી પાણી કાઢે તેવા હતા. તેમને કારકિર્દીમાં નિષ્ફળતા આવેલી તો પણ તે આગળ વધી શકેલા. તુષારને તો પિતા જીતેન્દ્ર ઉપરાંત ટી.વી. સિરીયલોના નિર્માણમાં સુપર ક્વિન ગણાય એવી બહેન એકતા કપૂર છે જે અનેક ફિલ્મો ય બનાવે છે તો પણ તુષાર એટલો પડી ગયો છે. ‘લવ સેકસ ઔર ધોખા-2’ તેના શીર્ષકમાં એકદમ હોટ જણાય છે પણ તેનું કાસ્ટિંગ ડલ જણાય છે એટલે તુષાર ફરી પોતાનું વજૂદ પુરવાર કરે એવી આશા બહુ ન રાખી શકાય. પણ તેની પાસે ‘શૂટાઉટ એટ ભાયખલા’ નામની સંજય ગુપ્તાની ફિલ્મ છે. સંજય ગુપ્તા હોય એટલે જેમ જે.પી. દત્તાને ઘણા મર્દ હીરો ભરવાની ટેવ હતી તેમ સની દેઓલ, જોહન એબ્રાહમ, સંજય દત્ત, સુનીલ શેટ્ટી વગેરે સાથે તુષારને પણ એક ભૂમિકા આપી છે. એવું જ ‘ગોલમાલ-5’ વિશે કહી શકાય. રોહિત શેટ્ટીની ફિલ્મ છે પણ અજય દેવગણ, કુણાલ ખેમુ, અર્શદ વાર્સી વચ્ચે તુષારનું શું થશે? તુષાર પાસે ‘વેલકમ ટુ જંગલ’ પણ છે પરંતુ તેમાંય અક્ષય કુમાર, દિશા પટની, સંજય દત્ત, સુનીલ શેટ્ટી વગેરે વચ્ચે તુષારને કોઈ કેવી રીતે જોશે? આવી ફિલ્મો તુષારને ફક્ત આશ્વાસન આપી શકે કે હજુ તેને કામ મળે છે. બાકી તેની પાસે ‘ડંક’ અને ‘કપકપી’ જેવી ફિલ્મોય છે. ‘કપકપી’ તો સંગીત શિવનની ફિલ્મ છે જેમાં તે સોની રાથી સાથે મુખ્ય ભૂમિકામાં જણાય છે. ‘દસ જૂન કી રાત એક ટી.વી. શ્રેણી છે. જો તુષાર ફરી પોતાને ઓળખાવી શકે તો આ બે ફિલ્મો અને ટી.વી. વડે ઓળખાવી શકે. ●



# અહ્‌હા, આ વિદ્યાનું સંમોહન

કેટલાંક કળાકારો એવાં હોય છે કે પોતાની ઉંમર કેટલી થઈ તે સતત ગણાવતા રહે અને તે પ્રમાણે પોતાનો નિવૃત્તિસમય પણ નક્કી કરે. કેટલાંકને જો કે કામ જ મળવું બંધ થાય એટલે જાહેર કર્યા વિનાની નિવૃત્તિને ભોગવવા માંડે. પણ આમાં અમિતાભ બચ્ચન જેવા ય હોય જે કયારેય ઉંમર તરફ જુએ જ નહીં. કામ કરતાં રહેવાની જ ઈચ્છા જ બધું નક્કી કરે એટલે તેમને નિવૃત્તિ ન હોય. અમિતાભની કામ કરવાની ઈચ્છા હતી એટલે તેના માટે વિષયો શોધાયા, પાત્રો શોધાયાં. અભિનેત્રીઓમાં તબુ, શબાના આઝમી પણ એ રીતે જ કામ કરતા રહે છે. અત્યારનો પ્રેક્ષક અનેક વિષય સ્વીકારવા તૈયાર છે તો પછી અભિનેતા-અભિનેત્રીઓએ પણ તૈયાર રહેવું જોઈએ અને વટથી આગળ જમણો પગ મૂકી, કમર પર અદાથી હાથ મૂકી કહી દેવું જોઈએ, ‘બુઢ્ઢા હોગા તેરા બાપ’. વિદ્યા બાલન જે દિવસથી પરદા પર આવી ત્યારથી જ મેચ્યોર, કલાસિકસ લુકમાં દેખાય છે અને કલાસિક લુકસમાં હોય તેણે ઉંમર નથી હોતી, એક ખાસ ઈમેજ હોય છે. વિદ્યામાં નિવૃત્તિભાવ ન આવવો જોઈએ પણ તેનામાં તે આવ્યો એટલે બસ અમુક ખાસ ફિલ્મો પૂરતી જ દેખાય છે. મતલબ કે તે ફિલ્મો માટે હંમેશા ઉપલબ્ધ નથી હોતી. તેના માટે કોઈ ખાસ ફિલ્મ લઈને જાય તો તે જરૂર વિચારે છે. આ અઠવાડિયે તે પ્રતીક ગાંધી સાથે ‘દો ઔર દો પ્યાર’માં આવી રહી છે. વિદ્યાની ફિલ્મોની પસંદગી હંમેશા રૂટીનથી અલગ રહી છે. તેનું સૌંદર્ય અને એકટ્રેસ તરીકેની ઈમેજ પણ એવી છે કે રૂટીનમાં બનતી મનોરંજક ફિલ્મમાં તે શાહરૂખ કે સલમાન સાથે ન આવી શકે. પ્રેક્ષકો તેને આવા સ્ટાર્સ સાથે મેચ પણ નથી કરતા. અરે, સંજય દત્ત જેવાની પણ ઈમેજ બદલવાની આવી તો તેની સાથે વિદ્યા બાલનની જરૂર પડી હતી. વિદ્યા ફિલ્મના જે દૃશ્યમાં હોય તે દૃશ્યનું ચરિત્ર બદલાઈ જાય. વિદ્યાએ ‘ધ ડર્ટી પિકચર’માં ચરિત્રહીન સિલ્ક સ્મિતાનું પાત્ર ભજવ્યું છતાં આ જ ઈમેજ છે. વિદ્યાને કારણે જ ‘પરિણીતા’, ‘પા’, ‘ભુલભુલૈયા’, ‘લગે રહો મુન્નાભાઈ’, ‘કહાની’, ‘હમારી અધૂરી કહાની’, ‘બેગમ જાન’, ‘મિશન મંગલ’ ફિલ્મમાં એક ગ્રેસ ઉમેરાયો છે. ‘દો ઔર દો પ્યાર’ એક જૂદા પ્રકારની સ્ટોરી ધરાવે છે અને તેમાં વિદ્યા ઉપરાંત પ્રતીક ગાંધી, ઈલિયાના ડીક્રુઝ, સેંધિલ રામમૂર્તિ વગેરે છે. આમ તો વિદ્યા સિવાયનાં કળાકારો કોઈ સ્ટાર ઈમેજ ધરાવતાં નથી, પણ વિદ્યા હોવાના કારણે પ્રતીક અને સેંધિલ પણ ખાસ લાગે છે. ●

મુવી ટાઈમ

# પ્રતીક : કારકિર્દીનો આ ગોલ્ડન ટાઈમ છે



ફર્સ્ટ ટેક

*પ્રતીક ગાંધીની ‘દો ઔર દો પ્યાર’ રજૂ થઈ રહી છે અને તેમાં તે વિદ્યા બાલન સાથે છે. આ પહેલાં સુરતના કોઈ અભિનેતાને આપણે હીરો તરીકે જોયા હોય તો તે સંજીવકુમાર હતા અને હવે ફરી પ્રતીક જેવો અભિનેતા હીરો તરીકે જોવા મળશે. પ્રતીક માટે તો આ ઘટના સમો સમય છે જ પણ સુરત-કડોદના લોકો પણ કહેશે કે આજે વિદ્યા બાલન સાથે છે તે અમારો પ્રતીક ગાંધી છે. પ્રતીકે આ પહેલાં કેટલીક ગુજરાતી ફિલ્મોમાં અલબત્ત કામ કર્યું છે પણ હંસલ મહેતાએ તેને ‘સ્કેમ 1992’ નામની ટી.વી. શ્રેણીમાં હર્ષદ મહેતાની ભૂમિકા આપી અને જાણે એક નવા સ્ટારનો ઉદય થયો. અલબત્ત પ્રતીક કાંઈ શાહરૂખ ખાન ઋતિક રોશન યા રણબીર કપૂર સ્ટાઈલનો અભિનેતા નથી પણ અત્યારે તેની કોઈ ટાઈપ નક્કી કરવી પણ અન્યાયી છે કારણ કે પ્રતીક એક સભાન અભિનેતા છે અને પોતાને દરેક ફિલ્મમાં નવી રીતે એક્સ્પોલર કરી રહ્યો છે. ‘દો ઔર દો પ્યાર’ રજૂ થઈ રહી છે ત્યારે પ્રતીકે બહુ ઉત્સાહ સાથે એ ફિલ્મ અને અત્યારે તેની પાસે જે બીજી ફિલ્મો, વેબસિરીઝ છે તેના વિશે વાત કરી.*

**પ્રઃ હમણાં તમારી એક સાથે બે ફિલ્મ પ્રેક્ષક વચ્ચે આવી. એકમાં મહાત્મા ફુલેને બીજામાં વિદ્યા અને ઇલિયાના સાથે. તો આ ફિલ્મો વિશે કેવી ઉત્તેજના ઉત્સાહ છે.**

પ્રતીક ગાંધી : વિદ્યા બાલન જેવી મંજાયેલી એક્ટ્રેસ તરીકે કામ કરવાનો આનંદ તો બહુ મોટો છે. કયારેય વિચાર્યું જ નહોતું કે વિદ્યા બાલન સાથે કામ કરવા મળશે. ‘સ્કેમ’ પછી જે પહેલી ફિલ્મનું શૂટિંગ શરૂ કરેલું તે પણ આ જ ફિલ્મ છે. અમે આ ફિલ્મમાં પતિ-પત્નીની ભૂમિકામાં છીએ અને જો પતિ-પત્ની હોઈએ તો કમ્ફર્ટેબલ લાગવાં જોઈએ. પણ વિદ્યા બાલને કયારેય લાગવા નથી દીધું કે તે ઘણી ફિલ્મો કરી ચૂકેલી એક્ટ્રેસ છે. તેના પ્રત્યે આપણને સ્વાભાવિક આદર હોય, પણ તેય આપણા માટે સમાન આદરથી વર્તે તો બહુ સુખદ લાગે.

**પ્રશ્નઃ ‘સ્કેમ 1992’ પછી અત્યારે જે સમય આવ્યો છે તેને અભિનેતા તરીકેની યાત્રામાં કેવો ગણો છો?**

પ્રતીક ગાંધી : મારા માટે આ સુવર્ણ સમય છે. નવા નવા દિગ્દર્શકો અને કલાકારો સાથે કામ કરી રહ્યો છું અને દરેક ફિલ્મ મારામાંના નવા પ્રતીકની રાહ જોઈ રહી છે. મારે એક પ્રકારની, એક જ સ્ટાઈલની ફિલ્મમાં કામ નથી કરવું અને મને મળતી ફિલ્મો પણ મારી ઈચ્છાને જ જાણે રિસ્પોન્ડ કરતી હોય તેવી છે. મારી ‘દેઢ બીઘાં જમીન’ ફિલ્મ આવી રહી છે જેના નિર્માતા ટી. સિરીઝવાળા ભૂષણ કુમાર અને હંસલ મહેતા છે ને એ ફિલ્મમાં મારી સાથે ખુશાલી કુમાર છે તો ‘ધૂમધામ’ એક કોમેડી-એકશન ધરાવતી ફિલ્મ છે જેમાં મારી સાથે યામી ગૌતમ છે. ‘વો લડકી હૈ કહાં’માં તાપસી પન્નુ છે. દરેક ફિલ્મે હું મને જુદો અનુભવું છું.

**પ્રઃ ‘દો ઔર દો પ્યાર’માં કામ કરતાં તમે શું નવું અનુભવ્યું?**

પ્રતીક ગાંધીઃ પહેલી વાત તો નિર્માતાએ વિદ્યા બાલન સાથે મને લીધો અને સાથે જ ઈલિયાના છે. તેમણે મારામાં જે આત્મવિશ્વાસ મૂકયો એ પહેલી આનંદની વાત છે. આ ફિલ્મના જે દિગ્દર્શક છે તે અત્યાર સુધી ટી. વી.જાહેરાતો બનાવતા હતા અને તેમની આ પહેલી જ ફિલ્મ છે. બીજું કે આ ફિલ્મનું સંગીત બહુ સારું છે અને લકી અલીએ 9 વર્ષ પછી આ ફિલ્મમાં ગીત ગાયું છે.

**પ્રઃ એક તરફ શાહરૂખ ખાન, રણબીર કપૂર પ્રકારના સ્ટાર્સની હરોળ છે જેના કારણે કોઇ પણ ફિલ્મનું એક માળખું બદલાઈ જાય છે. બીજી તરફ રાજકુમાર રાવ પ્રકારના હીરો છે. તમે આમાં પોતાને કયાં જુઓ છો?**

પ્રતીક ગાંધીઃ હું બધા જ પ્રકારની ફિલ્મોમાં કામ કરું છું એટલે હું મને આ કે તે પ્રકારના ખાનામાં નથી મૂકતો. ફિલ્મો બંને અને લોકો તેને કઈ રીતે વધાવે છે તેના આધારે. જે તે સમયે જગ્યા નક્કી થતી હોય છે. શાહરૂખ પણ કાંઈ પહેલી ફિલ્મથી સ્ટાર ન હતો. જે પ્રકારની ફિલ્મો આવતી ગઈ તે પ્રકારે તેની જગ્યા બનતી ગઈ. હું એમ વિચારું છું કે પ્રેક્ષક તમને કોઈ ખાનામાં મૂકી દે તે પહેલાં મારે નવું આપતાં રહેવું છે. એકના એક પ્રકારની ભૂમિકામાં બંધાઈ જવું અભિનેતા માટે યોગ્ય નથી હોતું.

**પ્રઃ તમે ફરી હંસલ મહેતા સાથે વેબ સિરીઝ કરી રહ્યા છો, જેમાં તમે ગાંધીજીની ભૂમિકામાં છો.**

પ્રતીક ગાંધીઃ ‘મોહનનો મસાલો’ નાટકમાં ગાંધીજીની ભૂમિકા કર્યા પછીનું જ આ પરિણામ છે. આ વેબસિરીઝ રામચન્દ્ર ગુહાના બે પુસ્તક ‘ગાંધી બિફોર ઈન્ડિયા’ અને ‘ગાંધી ધ ઈયર્સ’ ધેટ ચેન્જડ ધ વર્લ્ડ 1914 થી 1948 આધારિત છે. હંસલ મહેતા એકદમ સરળ પ્રકૃતિના અને પોતાના વિષયમાં સહજતાથી ઊંડાણમાં પ્રવેશી જતા દિગ્દર્શક છે. ‘સ્કેમ 1992ર વખતે અમે એકબીજા માટે નવા હતા, પણ હવે જે કમ્ફર્ટ છે તેની વાત જ જૂદી છે. આ સિરીઝ ખૂબ સરસ રીતે બની રહી છે.

**પ્રશ્નઃ અત્યારે તમે કઇ બીજી ફિલ્મો કરી રહ્યા છો.**

પ્રતીક ગાંધીઃ એક છે ‘અવતરણ’ જેમાં મારી સાથે ભામિની ઓઝા છે. (ભામિની પ્રતીકનાં પત્ની છે). ‘અગ્નિ’ નામની ફિલ્મ રાહુલ ધોળકિયાના દિગ્દર્શનમાં બની રહી છે. આ એક જૂદો જ વિષય છે. ‘વો લડકી હૈ કહાં’માં તાપસી પન્નુ સાથે એક ઈન્વેસ્ટિગેટિવ કોમેડી કરી છે. આ ઉપરાંત ‘ફોર યોર આઈઝ ઓનલી’નામની ટી.વી. શ્રેણી પણ છે. ●